**આંક -90**

| સેશન્સ કેસ નંબરઃ- 65/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | સગથાભાઈ કેવળાભાઈ દેસાઈ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9023346450 |
| ઉંમર આશરે | ૨૨ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણપુર તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું આઠ ધોરણ સુધી ભણેલો છું અને હાલમાં હુ ખેતીનો ધંધો કરુ છું. બનાવને ત્રણેક વર્ષ જેટલો સમયે થયેલો છે. બનાવ સમયે હુ મારા રાણપુર વચલા વાસ ખાતે આવેલ મારા ઘરે હતો. તે સમયે કનુભાઈએ મને સાડા નવ વાગે ફોન કરેલ અને કહેલ કે પોપટભાઈને કંઈક થઈ ગયેલ છે એટલે તુ હનુમાન મંદિર પ્રાથમિકશાળા પાસે જલ્દી આવ આવુ કહેતા તરત જ હું મારુ મો.સા.લઈને પ્રાથમિક શાળા પાસે ગયેલ અને ત્યાં જોયુ તો કનુભાઈ, તેમની ભાણી કીરણબેન, રેણુકાબેન હાજર હતા અને તે સમયે અંધારુ થઈ ગયેલ હતુ અને ત્યાં પોપટભાઈ રોડની સાઈડ પર પડેલા હતા અને તે મરણ ગયેલા હતા અને કંઈ બોલતા ચાલતા ન હતા અને તેમના પેટે સાડલા જેવુ કંઈ બાંધેલુ હતુ અને આંતરડા બહાર નીકળેલા હતા અને લોહી આવતુ ન હતુ અને તે સમયે કનુભાઈ મને કહેલ કે પોપટના ફોન ઉપરથી ફોન કરીને માવજીભાઈ જોડે વાત કરાવ એટલે મે પોપટભાઈના ફોનનો પાસવર્ડ કે જે ૧૧૯૩ મને યાદ હતો, મને પોપટલભાઈનો પાસવર્ડ એટલા માટે યાદ હતો કે તેમના બોરનુ પાણી મારા ખેતરમાં આવતુ હતુ એટલે મે ફોન જોડીને માવજીભાઈનો ફોન ડાયલ કરી કનુભાઈને આપેલો અને ત્યાં બાજુમાં ભંગી સમાજના ઘર આવેલા હતા

સાહેદની સહી............................

જેથી ત્યાંથી કેશાભાઈ ગોગાભાઈની રીક્ષા બોલાવી પોપટભાઈને દવાખાને જવા નીકળેલા અને હું પણ તેમની સાથે ગયેલો અને અમો દવાખાના જતા હતા તે સમયે હાઈવે ઉપર સામેથી માવજીભાઈની ગાડી આવેલી અને રીક્ષામાંથી ગાડીમાં બેસીને સરકારી હોસ્પિટલ ડીસા ખાતે ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે પોપટભાઈને મરણ જાહેર કરેલો. આ બાબતે કનુભાઈને પુછતા તેમણે કહેલ કે પોપટ જમવા માટે તેમના ઘરે ગયેલ હતો અને જમીને બહાર નીકળેલો હતો અને પછી તરત જ કનુભાઈનો મારા ફોન આવેલ કે પોપટભાઈને કંઈક થઈ ગયેલુ છે અને મને કનુભાઈએ કહેલ હતુ કે આ રમેશભાઈનો ફોન આવેલ અને કહેલ કે કોર્ટની પ્રાથમિકશાળાના કોર્ટની બાજુમાં કંઈક પડેલ છે આ વાત કનુભાઈએ અમો બધા બેઠા હતા અને કરેલ હતી. મરણજનાર પોપટભાઈને પેટે જે સાડલો બાંધેલો હતો તે રેણુકાબેનનો હતો. પોલીસે મારી પુછપરછ કરેલી અને મારો જવાબ લીધેલો. આ બનાવની ફરીયાદ કનુભાઈએ આપેલી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી ઉલટ તપાસ તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...</u>**

(૨) એ વાત ખરી છે કે જગશીજી નાથુજી વાઘેલા (ઠાકોર) તથા જોરાભાઈ રત્નાભાઈ વાઘેલા(ઠાકોર),અરવિંદજી અગરાજી વાઘેલા(ઠાકોર), બાબુજી રાણાજી વાઘેલા(ઠાકોર), બળવંતજી મણાજી વાઘેલા(ઠાકોર), દલાજી ચતુરજી વાઘેલા(ઠાકોર) આ મરણજનારના સબંધીઓ થાય છે. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મરણજનારને કોણે ઈજા કરી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે મરણજનાર અને અમારે એકબીજાને ઘરે જવાનો સબંધ હતો. એ વાત ખરી નથી

સાહેદની સહી............................

કે હું સરતપાસમાં જણાવેલી હકીકત ખોટી જણાવુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૩૦–૦૧–૨૦૨૬ | છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................